# ઉત્તર ગુજરાતના મેડીકલ ઓફીસરો ૨૫ જૂનથી હડતાળના માર્ગે

## ૩૧ મે ની બેઠકમાં ઉકેલ ન આવતાં તબીબોએ બાંયો ચઢાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ હળવું થયા પછી પડતર માંગણીઓ મુદ્દે સરકારી તબીબોએ ફરી બાંયો ચઢાવી છે. તા.૩૧ મે. ની બેઠક પછી ફરજ બજાવતા ઈન સર્વિસ તબીબોના પડતર પ્રશ્નો અદ્ધરતાલ રહેતાં ડૉક્ટર એસોસીએશન દ્વારા તા.૨૫ જૂનથી હડતાળનું રણશિંગુ ફુંકવામાં આવ્યું છે. મે. મહિનામાં પડતર માંગણી અંગે સરકાર સામે આંદોલનાત્મક રજૂઆત કરી હોવા છતાં તેનો કોઈ ઉકેલ ન આવતાં ઈન સર્વિસ તબીબોએ અચોક્કસ મુદતની હડતાળ ઉપર જવાનો નિર્ણય કર્યો છે.

કોરોનાના કપરા કાળમાં તબીબી સેવાઓ સાથે જોડાયેલા તબીબો અને અન્ય સ્ટાફે સરકારનો નાક દબાવવાનો પ્રયાસ કરી હડતાળનો માર્ગ અપનાવ્યો હતો જેમાં સરકારે એસોસીએશનની માંગને ધ્યાનમાં રાખી આશ્વાસન આપતાં આરોગ્ય કર્મીઓમાં રાહતની લાગણી જોવા મળી પરંતુ ઈન સર્વિસ તબીબોના વર્ષો જૂના પડતર પ્રશ્નોનો હજુ ઉકેલ આવ્યો નથી. સરકાર સાથેની તમામ વાટાઘાટોના અંતે પણ ન્યાયિક પ્રશ્નો બાબતે સરકારે દુર્લક્ષ સેવ્યું હોવાના કારણે તબીબોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગત તા.૧૯ જૂનના રોજ એસોસીએશન દ્વારા ઈન સર્વિસ તબીબોની ઓનલાઈન બેઠક યોજાઈ હતી જેમાં પ્રશ્નો અને માંગણીઓ માટે ૩૧ મે.-૨૦૨૧ ની બેઠકમાં થયેલ નિર્ણયોની અમલવારીના આદેશો કરવામાં આવ્યા નથી જેથી તા.૨૫ જૂનથી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ઈન સર્વિસ તબીબો યુનિયન દ્વારા જાહેર કરાયેલ અચોક્કસ મુદતની હડતાળ ઉપર જશે. કોરોનાનું સંક્રમણ ઘટતાં રાજ્યના આરોગ્ય વિભાગે માંડ થોડી રાહત અનુભવી છે ત્યાં હવે પડતર પ્રશ્નો મુદ્દે ગુજરાત ઈન સર્વિસ ડૉક્ટર એસોસીએશન દ્વારા આંદોલનના શસ્ત્રનો સહારો લેવામાં આવતાં યોગ્ય ઉકેલ નહીં આવે તો તેની અસર આરોગ્ય સેવાઓ ઉપર પડી શકે છે.

### ભિલોડામાં હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિનની ઉજવણી યોજાઈ

ભિલોડામાં પટેલ સમાજ વાડીમાં હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિનની ઉજવણી યોજાઈ હતી. વક્તા ચિંતનભાઈ ઉપાધ્યાયએ જણાવ્યું કે હિન્દુ સમાજ ઘોર અંધકાર યુગમાં જીવી રહ્યો હતો. સમરસ સમાજ-હિન્દવી સ્વરાજ્યના સ્થાપક યુગપ્રવર્તક છત્રપતી શિવાજી મહારાજના રાજ્યભિષેકને ભારતના સ્વાતંત્ર સમરના એકમાત્ર આદર્શ રૂપમાં આપણે તેમનું સ્મરણ કરી રહ્યા છીએ. હિન્દુ સ્વરાજ્યના સ્થાપક શિવાજી મહારાજના રાજ્યભિષેકને સ્વયંસેવક સંઘ હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિન ઉજવી રહ્યા છીએ.

## વિરોધનો અલગ અંદાજ : ભાટકોટામાં ભેલાણથી ત્રાસેલા ખેડૂતોએ ૧૫ વર્ષથી મકાઈનું વાવેતર બંધ કર્યું

### ખરીફ સીઝનમાં પણ વાવેતર બચાવવા ખેડૂતોના રાત ઉજાગરા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

જગતના તાતને ચૂંટણી ટાણે આગળ કરવામાં આવે છે અને ચૂંટણીનું પરિણામ આવ્યા પછી ૫ વર્ષ સુધી હોંશિયામાં ધકેલાય છે. અરવલ્લી જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં નિલગાય અને ભૂંડના ભેલાણથી ખેડૂતો ત્રાસ્યા છે. બે દાયકા જૂના પ્રશ્નનો આજદિન સુધી યોગ્ય ઉકેલ આવ્યો નથી. વારંવાર રજૂઆત કરીને થાકેલા ખેડૂતો હવે વિરોધના અલગ અંદાજમાં આવ્યાનું સાંભળવા મળ્યું. મોડાસાના ભાટકોટા વિસ્તારમાં ભેલાણથી ત્રાસેલા ખેડૂતોએ ૧૫ વર્ષથી મકાઈનું વાવેતર જ બંધ કર્યું છે. ખરીફ સીઝનમાં પણ વાવેતર બચાવવા ખેડૂતોને રાત ઉજાગરા કરવાની નોબત આવી છે. વન વિભાગમાં જો સંવેદના જેવી ચીજ બચી હોય તો આ વિસ્તારના ખેડૂતોની જમીનને વન્ય પ્રાણીઓના ભેલાણથી બચાવે.

જિલ્લામાં આમ તો ખેડૂતો રોકડીયા પાકની સાથે ઘરમાં ઉપયોગ થાય તે માટે મકાઈ અને બાજરીનું અવશ્ય



વાવેતર કરતા હોય છે. ખેતીની સીઝનમાં પાક ઉત્પાદન બજારમાં વેચવાને બદલે ઘરના સભ્યો મકાઈ-બાજરીનો રોટલો આરોગી શકે અને બાકી વધે તે ઉપજ બજારમાં વેચી શકાય તે માટે દરેક ખેડૂત ઓછા વધતા પ્રમાણમાં મકાઈનું વાવેતર અવશ્ય કરતા હોય છે પરંતુ મોડાસા તાલુકાના ભાટકોટા ગામમાં એટલી હદે ભેલાણનો પ્રશ્ન વિકટ બની ગયો છે કે અહીંના ખેડૂતોએ ખેતરોમાં મકાઈના પાકનું વાવેતર કરવાનું બંધ કરી દીધું છે. મકાઈનું વાવેતર થાય એટલે ભૂંડનાં ટોળે ટોળાં ખેતરોમાં ઉમટી વાવેતર નષ્ટ કરી નાખતાં હોવાથી ત્રાસેલા તમામ ખેડૂતોએ વર્ષોથી મકાઈની વાવણી બંધ કરી દીધી છે જેથી ધાન પકવતા ખેડૂતોને મકાઈનો રોટલો આરોગવો હોય તો બજારમાંથી મકાઈ ખરીદી અનાજની ઘંટીમાં દરાવવી પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. વર્તમાન ખરીફ સીઝનમાં પણ ભેલાણનો પ્રશ્ન પેચીદો બની ગયો છે જેના કારણે વાવણી કરનારા ખેડૂતો બિયારણ બચાવવા માટે ખેતરોમાં રાત ઉજાગરા કરી રહ્યા છે.

### નાસતા-ફરતા આરોપીને ઝડપી લેતી પેરોલ ફર્લો સ્કોડ બનાસકાંઠા

પો.સ.ઈ. કે.કે.પાટડીયા પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફના પ્રવિણસિંહ, મહેન્દ્રસિંહ તથા નિકુલસિંહ સહિતના પોલીસ સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા /પેરોલ/ફરલો ફરારી આરોપીઓની તપાસમા દાંતા પો.સ્ટે વિસ્તારમાં હતા. દરમ્યાન ટીમને મળેલ બાતમી હકીકત આધારે આજીવન સજા ભોગવતા પેરોલ ફરારી આરોપી ગંભિરજી ઈશ્વરજી જાતે. ઠાકોર પાણોદરા દાંતા, બનાસકાંઠાવાળાને ૨૨-૦૬-૨૧ના રોજ પણોદરા મુકામેથી પકડી પાડી જિલ્લા જેલ પાલનપુર ખાતે સોંપવામાં આવેલ છે.

## હિંમતનગર-શામળાજી હાઈવેનું બંધ કામ ચોમાસામાં જોખમી બનવાની દહેશત

### આડેધડ ડાયવર્ઝન, વરસાદી પાણીના ભરાવાથી અકસ્માતની ભીતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

હિંમતનગર-શામળાજી હાઈવેનું કામ છેલ્લા કેટલાક સમયથી બંધ થતાં વાહન ચાલકો અનેક મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. હવે વરસાદની પધરામણી થઈ છે ત્યારે હાઈવે ઉપર આડેધડ તૈયાર કરાયેલાં ડાયવર્ઝન અને રોડ ઉપર વરસાદી પાણીના ભરાવાના કારણે ગમખ્વાર અકસ્માતની ભીતી વ્યક્ત થઈ છે. રાજેન્દ્રનગર ચોકડી ઉપર સ્પાન ઉભા કર્યા પછી કામ કરનાર એજન્સી અદ્રશ્ય થઈ જતાં સ્થાનિક વાહન ચાલકો અને વેપારીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે.

કરોડોના ખર્ચે ફોરલેન નેશનલ હાઈવેનું સિક્સલેનમાં પરીવર્તન થઈ રહ્યું છે. શરૂઆતમાં હાઈવે ઉપર રાત-દિવસ યુદ્ધના ધોરણે કામ શરૂ કરવામાં આવ્યું પરંતુ હિંમતનગર થી શામળાજીને જોડતા માર્ગ ઉપર જવાબદાર એજન્સી દ્વારા સ્પાન ઉભા કર્યા પછી એકાએક કામ બંધ કરી દેવાતાં સ્થાનિકો માટે રોડનું



નવીનીકરણ યાતનારૂપ બની ગયું છે. યોગ્ય રીતે ડાયવર્ઝન અપાયાં નથી જેના કારણે ખેડૂતોને ગાડાં તેમજ ટ્રેક્ટર લઈ ખેતરમાં જવું હોય તો ચોમાસાની સીઝનમાં મુશ્કેલ બની શકે છે. હાઈવે માર્ગ ઉપર ઠેક ઠેકાણે ભયજનક ગાબડાં અને તેમાંય દીશા સૂચક બોર્ડ વગર ડાયવર્ઝન આપી દેવાયાં છે જેના કારણે રાત્રે ગમખ્વાર અકસ્માતની સંભાવના વધી છે. છેલ્લા ૨ દિવસથી વરસાદની પધરામણી થયા પછી હાઈવે ઉપરથી પસાર થતા વાહન ચાલકોની મુશ્કેલી હાઈવેના બંધ કામથી વધી છે. ચોમાસુ શરૂ થતાં અન્ય બાંધકામ સાઈટો ઠપ્પ થઈ છે ત્યારે હાઈવેનું નવનિર્માણ કામ વધુ ઘોંચમાં પડી શકે છે.

### ભિલોડામાં ભાજપ ધ્વારા શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૩

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના બેઠક હોલમાં ભાજપ સંગઠન ધ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના સ્મૃતિ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના પરીસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ, રાજેશભાઈ નિનામા,મનોજભાઈ પટેલ, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ, કાંતીભાઈ પટેલ, ભવાનભાઈ ઠાકોર, અમરતભાઈ નિનામા, સંકેતભાઈ ચૌધરી, ભરતભાઈ ઠાકોર,રામઅવતાર શર્મા, જગદીશભાઈ પટેલ, ચેતનસિંહ કચ્છાવા, રસીકભાઈ લખવારા,અરવલ્લી જીલ્લા યુવા મોરચા મહામંત્રી, સચિનભાઈ એ.બરંડા, અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય, રસીકાબેન ખરાડી, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબીયાર, ન્યાય સમિતી, ચેરમેન શ્યામભાઈ પરમાર સહિત હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લીમાં ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી પુણ્યતિથિની ઉજવણી

### ભાજપે બલિદાન દિવસ તરીકે ઉજવણી કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ભારતીય રાષ્ટ્રવાદના મશાલચી ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની બુધવારે પુણ્યતિથિની અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા ૮ મંડલમાં ઉજવણી કરવામાં આવી. ભાજપે બલિદાન દિવસ



તરીકે ઉજવણી કરી હતી તેમજ પ્રખર રાષ્ટ્રવાદી ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની ભારત, ભારતીય અને ભારતીયતાની રાજકીય અને સામાજીક વિચારધારાને પ્રોત્સાહીત અને સ્થાપિત કરવામાં શું ભૂમિકા હતી તેની ઉપસ્થિત કાર્યકરોને સમજ આપવામાં આવી હતી. બાયડ શહેર ભાજપ સંગઠન દ્વારા ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પ્યા પછી તેમને કરેલા કાર્યોનો ચિતાર આપવામાં આવ્યો હતો.

બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, સંગઠન ઉપપ્રમુખ ઉમેશભાઈ જયસ્વાલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, કોર્પોરેટર અશોકભાઈ પટેલ, કંચનબેન પટેલ, બાયડ પાલિકા પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ મંત્રી મણીભાઈ પંચાલ, વોર્ડ નં.૧ મીડીયા કન્વિનર નિલેષ બ્રહ્મભટ્ટ, હેમંત(કકાભાઈ) પટેલ, વોર્ડ નં.૬ મીડીયા કન્વિનર જલદીપ પટેલ, રાજુભાઈ રાઠોડ સહિત કાર્યકરોની ઉપસ્થિતિમાં ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી. દેશ આઝાદ થયો ન હતો ત્યારે રાજકીય નેતાઓ અને વિવિધ વિચારધારામાં મળનારા લોકો ભારતની સ્વતંત્રતા માટે લડવા કોંગ્રેસના પ્રભાવ હેઠળ આવ્યા પરંતુ આઝાદી પછી કોંગ્રેસનાં વિકલ્પ શોધવાની ચર્ચા શરૂઆત થઈ જે રાજકીય શૂન્યવકાશ ભરી શકે. ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી દેશમાં મશાલચી બન્યા. ૧૯૫૧-૫૨ ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં જનસંઘ ૩ બેઠકો જીતવામાં સફળ રહ્યો જેમાં ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી કોલકત્તાની બેઠક ઉપર ચૂંટાઈ સંસદમાં પહોંચ્યા. તેઓએ લોકોની સમસ્યાની વાત કરી અને વિપક્ષના સૌથી શક્તિશાળી અવાજ તરીકે દેશભરમાં ઉભરી આવ્યા. આવા પ્રખર રાષ્ટ્રવાદી ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીને બાયડ સહિત જિલ્લાના તમામ મંડલના સંગઠન હોદેદારો અને પદાધિકારીઓએ પુષ્પાંજલિ અર્પી ભાજપ કાર્યકરોએ બલિદાન દિવસ તરીકેની ઉજવણી કરી હતી.

## પેટ્રોલ, ડીઝલની સાથે દૂધ પણ મોંઘુ

### જિલ્લામાં દૂધના ભાવમાં લીટર દીઠ ૧ થી ૩નો વધારો, ઘાસ મોંઘુ થતાં ભાવ વધ્યો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

પેટ્રોલ, ડીઝલની સાથે હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાનગી દૂધ વેચતા પશુપાલકોએ દૂધના ભાવમાં લીટર દીઠ રૂા.૧ થી ૩ નો વધારો કર્યો છે. તેનું કારણ એવું છે કે ઘાસ મોંઘુ થયું છે અને હજુ પણ જો ઘાસ મોંઘુ થશે તો લીટર દીઠ રૂા.૨ થી વધુનો ભાવ વધારો તોડાઈ રહ્યો છે.

કોરોનાના હાઉમાંથી પ્રજા ધીમે ધીમે બહાર આવી રહી છે. દરરોજ બપોર પછી સૂમસામ ભાસતા બજાર, મોલ, ફૂટપાથ પ્રજાની હાજરીથી જીવંત બન્યા છે. વેપારીઓ પણ લાંબા સમય પછી એકંદરે સારી ઘરાકીથી હવે ધંધા-રોજગાર પાટા ઉપર ચઢ્યાનો આનંદ વ્યક્ત



કરતા જોઈ શકાય છે. સતત પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતાં ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થયું છે જેની સીધી અસર જીવન જરૂરી ચીજવસ્તુઓ અને શાકભાજીના ભાવ ઉપર જોવા મળી અને હવે મોટાભાગના પશુપાલકો દૂધમાં વધુ પડતી ભેળસેળના કિસ્સા બહાર આવ્યા પછી ખાનગી તબેલા તેમજ દેશી ગાયો રાખતા માલધારીઓ પાસેથી દૂધ ખરીદી પોતાનું શરીર નિરોગી રહે તેવા પ્રયાસ કરે છે. અત્યાર સુધી તો આવા દૂધના ભાવમાં કોઈ વધારો ન હતો પરંતુ હવે સૂકો ઘાસચારો મોંઘો થતાં દૂધનો ભાવ પરવડતો નથી જેના કારણે માલધારીઓએ લીટર દીઠ સરેરાશ ૧ થી ૫ સુધીનો ભાવ વધારો કર્યો છે. આ ભાવ વધારો અનેક પરિવારોને દઝાડી રહ્યો છે પરંતુ શુદ્ધ દૂધ લેવું હોય તો વધુ ભાવ આપ્યા વગર કોઈ આરો નથી.

## જો..થઈ છે : અડપોદરામાં ગુસ્સે ભરાયેલા ખેડૂતે તલાટીને ફડાકા ઝીંક્યા

### કર્મચારીઓમાં રોષ, તડાફડીના એંધાણ, ગાંભોઈ પોલીસે ગુનો નોંધ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

જિલ્લાની અનેક ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીની અનિયમિતતા તેમજ મનસ્વી વર્તાવ સામે ક્યાંક આક્રોશ જોવા મળતો હોય છે(બધા તલાટી કમ મંત્રીને લાગુ પડતું નથી) અરજદારો ગ્રામ પંચાયતમાં કામ લઈને આવે ત્યારે કોઈપણ કારણોસર કામ ન થાય તો ગુસ્સે ભરાય છે અને પછી જોવા જેવી થાય છે. હિંમતનગર તાલુકાની અડપોદરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી જીવરાજ ચૂનાભાઈ બારાને રોષે ગુસ્સે ભરાયેલા ખેડૂત ભરતસિંહ ઝાલાએ ફડાકા ઝીંકી દેતાં આ મામલો ગરમાયો છે. તલાટી કમ મંત્રી યુનિયનમાં પણ આ મુદ્દે રોષ જોવા મળ્યો. તડાફડીના એંધાણ વર્તાય છે આ મામલે ગાંભોઈ પોલીસે હુમલો કરનાર ખેડૂત વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ વિજયનગર તાલુકાના બંધણા ગામના તલાટી જીવરાજ બારા ગત રોજ અડપોદરા ગૃપ ગ્રામ પંચાયતમાં બેઠા હતા તે સમયે ખેડૂત ભરતસિંહ ઝાલા આવ્યા અને મારી જમીન અંગેનો મને દાખલો લખી આપો. તલાટી કમ મંત્રીએ નવા સુધારા મુજબ હવે આવો દાખલો ઓનલાઈન નિકળે છે તે મેળવી લો બસ આ મુદ્દે તલાટી કમ મંત્રી અને ખેડૂતને વાંકુ પડ્યું અને ઉગ્ર બોલાચાલી પછી ખેડૂતે તલાટીને પંચાયત ઘરમાં જ ફડાકા ઝીંકી દીધા પંચાયતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં થયેલી બબાલથી અન્યો સ્તબ્ધ બની ગયા. ત્યાર પછી આવેશમાં આવેલા ખેડૂતે પંચાયત રજીસ્ટર ફાડી નાખ્યું હતું મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો જ્યાં ફરિયાદી તલાટીએ ખેડૂત દ્વારા પોતાને જ્ઞાતિ વિશે અપમાનજનક શબ્દો બોલવાની સાથે લાફો માર્યો અને છરી બતાવી પોલીસ સ્ટેશને પહોંચ્યો તો મારી નાખીશ..તે અંગેની ફરિયાદ નોંધાઈ છે.

### છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી : તલાટી કમ મંત્રી

અડપોદરા ગ્રામ પંચાયતમાં દાખલા મુદ્દે ઉશ્કેરાયેલા ખેડૂતે તલાટીને જાતિ પ્રત્યે અપમાનિત કરી તમાચો ઝીંકતાં આ મુદ્દો ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ બન્યો છે. તલાટી કમ મંત્રી જીવરાજભાઈ બારાનો સંપર્ક કરતાં ખેડૂતે લાફો માર્યા પછી મને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું.

### ખેડા જિલ્લાના પૂર્વ ભાજપ નેતા નરોત્તમ પટેલ અને અપક્ષ કોર્પોરેટર મનુભાઈ પટેલ આપમાં જોડાયા

ગુજરાત વિધાનસભાની વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી સક્રિય બની છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આમ આદમીની એન્ટ્રી બાદ હવે વિધાનસભામાં પણ ધારાસભ્ય બને તેના માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખેડાના લવાલ ગામના સરપંચ અને સર્વ સેનાના પ્રમુખ મહિપતસિંહ ચૌહાણના જોડાયા બાદ આજે બુધવારે ખેડા જિલ્લાના પૂર્વ ભાજપના નેતા નરોત્તમ પટેલ તથા કપડવંજના અપક્ષ કોર્પોરેટર મનુભાઈ પટેલ 'આપ'માં જોડાયા છે. આમ આદમી પાર્ટીની સક્રિયતાએ ભાજપ-કોંગ્રેસની ચિંતામાં હવે વધારો કર્યો છે.

## શરમ..શરમ : જિલ્લામાં "નમો ઈન્ડીયા" સોશિયલ મીડીયા ગૃપમાં અશ્વિલ ફોટો વાયરલ, મહિલા કાર્યકરો સમસમી

### ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્ય તિથિના દિવસની ઘટના, કાર્યકરોમાં રોષ

હિંમતનગર, તા.૨૩

તા.૨૩ જૂન ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ એટલે સ્મૃતિ દિવસની ભાજપ સંગઠન દ્વારા દેશભરમાં ઉજવણી કરાતી હતી ત્યારે જિલ્લામાં નમો ઈન્ડીયા સોશ્યલ મીડીયા ગૃપમાં બપોરે ૧૨-૫૭ કલાકે અશ્વલિલ ફોટો વાયરલ થતાં ભાજપના મહિલા કાર્યકરો ઉકળી ઉઠ્યા હતા. આવી હરકત કરનાર કાર્યકરને શરમજનક મેસેજ દૂર કરવા જણાવ્યું અને ત્યાર પછી એક પછી એક ભાજપના કાર્યકરો તેમાંથી લેફ્ટ થઈ ગયા હતા.

અનેક જિલ્લાઓમાં રાજકીય પક્ષોના આગેવાન, કાર્યકરોએ વોટ્સ ગૃપ બનાવ્યા છે જેથી સંગઠન અને સેવાના કોઈ કામ હોય તો ઝડપથી મેસેજ મોકલી શકાય પરંતુ પાછલા ૧ વર્ષ દરમ્યાન આવા વોટ્સ ગૃપમાં અશ્વિલ ફોટા અને વિડીયો વાયરલ થતાં આ મામલે ભાજપના આગેવાનોએ પણ અનેક કાર્યકરોને ઠપકા આપેલા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ભાજપ કાર્યકરો, ધારાસભ્યો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓ નિર્ધારીત કાર્યક્રમ મુજબ ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સામેલ થયા હતા.

આ સમયે કોઈ કાર્યકર્તા અશ્વિલ હરકત ઉપર ઉતરી આવ્યો હોય કે પછી અન્યએ તેના મોબાઈલનો દુરૂપયોગ કરતાં અશ્વિલ ફોટો વાયરલ થયો. ગણતરીની મીનીટમાં એક પછી એક કાર્યકરો ઉકળી ઉઠ્યા. નમો ઈન્ડીયા વોટ્સએપ ગૃપમાં આ હરકત કોને કરી..?? કાર્યકર્તા ક્યાંનો છે..?? તેનું શું નામ છે..?? તેની તમામ પૂછપરછ શરૂ થઈ પરંતુ એક વખત અશ્વિલ ફોટો વાયરલ થયા પછી ડીલીટ કરીએ તો પણ તેનો કોઈ ઉદ્દેશ્ય ન હતો. દિવસ દરમ્યાન આવી હરકત સામે શરમ..શરમના શબ્દો સાંભળવા મળ્યા.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧